જેની પાસે ધન નથી એ નિર્ધન નથી, પરંતુ જેની પાસે ધૈર્ય (ધીરજ) નથી એ નિર્ધન છે
- ફાધર વર્ગીસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૫ | ૧૪ ઓગસ્ટ, ૨૦૧૪, ગુરૂવાર; શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરના શિક્ષણ જગતમાં અચ્છે દિન

## મેડિકલ કોલેજમાં ડિપ્લોમાં અભ્યાસક્રમની મંજૂરી : ઈ.એન.ટી. અને નેત્ર ચિકિત્સાની છ બેઠકો મંજૂર કરાઈ એનેસ્થેસીયા અને ચામડીના રોગોના અભ્યાસક્રમ માટે વિચારણા ચાલે છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર અને જિલ્લાના શૈક્ષણિક જગત માટે 'અચ્છે દિન આ ગયે હૈ' ગાંધીનગર મેડીકલ કોલેજને ઈ.એન.ટી. તેમજ નેત્ર ચિકિત્સા વિભાગમાં ડિપ્લોમાં અભ્યાસક્રમ ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ડિપ્લોમાં અભ્યાસક્રમની છ બેઠકો આ કોલેજ માટે મંજૂર કરવામાં આવી છે. જેમાં ઈ.એન.ટી. માટે બે અને નેત્ર ચિકિત્સા માટે ૪ બેઠકો મંજૂર કરવામાં આવી છે. હજુ ચામડી તેમજ એનેસ્થેસિયા વિભાગના અભ્યાસક્રમોની ૮ બેઠકો માટેની અરજી પર વિચારણા ચાલી રહી છે તે પણ મંજૂર થઈ જશે તેવો વિશ્વાસ કોલેજ સત્તાવાળાઓ ધરાવી રહ્યા છે.

આ છ બેઠકોની મંજૂરી અંગેની વિધિવત જાણ કોલેજ સત્તાવાળાઓને કરી દેવામાં આવી છે. ડિપ્લોમાં અભ્યાસક્રમની મળેલી મંજૂરીને લઈ તબીબી અભ્યાસ સાથે સંકળાયેલા વર્તુળોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

આ બેઠકો પર નેશનલ મેરીટના આધારે જ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

મેડિકલ કોલેજનું સત્ર ૧લી સપ્ટેમ્બરથી શરૂ થવાનુ છે તે પૂર્વ મળેલી આ મંજૂરીને કારણે કોલેજ કેમ્પસમાં પણ આનંદનો માહોલ છવાયેલો છે.

તબીબી અભ્યાસક્રમની આ ચારેય શાખાઓ માટેના ઈન્સ્પેક્શનની પ્રક્રિયા તાજેતરમાં જ પૂર્ણ થઈ છે. કોલેજે આ ચારેય વિદ્યાશાખામાં અભ્યાસક્રમ માટે ૧૬ બેઠકોની માંગણી કરી હતી.

કોલેજ દ્વારા આ અભ્યાસક્રમ માટેની અરજી ગત શૈક્ષણિક સત્ર દરમ્યાન કરવામાં આવી હતી. કોલેજને મંજૂરી મળે હજુ ત્રણ જ વર્ષ થયા છે ત્યારે ડિપ્લોમાં અભ્યાસક્રમની મંજૂરી એ મોટી ઘટના છે.

ગાંધીનગર શહેરને નોલેજ કોરીડોર તરીકે ડેવલપ કરવાની કલ્પના તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યક્ત કરી હતી. ગાંધીનગરમાં હાલ પેટ્રોલિયમ યુનિ., રક્ષાશક્તિ યુનિ., ફોરેન્સીક સાયન્સ યુનિ. સહિત જુદી જુદી સાત જેટલી યુનિવર્સિટીઓ આવેલી છે.

બીજી તરફ આઈ.આઈ.ટી. ગાંધીનગરના નિર્માણનું કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. હવે ગાંધીનગર સાચા અર્થમાં નોલેજ કોરીડોર તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરશે. ગાંધીનગરમાં સાહિત્યસર્જન અને કલાસંવર્ધનની કામગીરી પણ જોરદાર રીતે વિકાસ પામેલી છે તે ઉલ્લેખનીય છે.





ઉજવણીની ઝાંખી - સ્વાતંત્ર્યદિનની ઉજવણી માટે સમગ્ર દેશમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... દહેગામ ખાતે ગાંધીનગર જિલ્લાના સ્વાતંત્ર્યદિન સમારોહના આયોજનને આખરી ઓપ આપવા યોજાયેલા રિહર્સલની તસવીરી ઝલકમાં જીલ્લા કલેકટરે પરેડની સલામી ઝીલી હતી, જ્યારે શાળાના બાળકોએ રંગબેરંગી વસ્ત્રોમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું નિદર્શન કર્યું હતું.

# વહીવટીતંત્ર પ્રજાભિમુખ બની કામગીરી કરે : કલેક્ટર

## આર.ટી.એસ.ના કેસો, તુમાર નિકાલ તેમજ ૪૯૦૦ થી પણ વધુ પડતર નોંધોના નિકાલ પર અધિકારીઓ ધ્યાન કેન્દ્રીત કરે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં ૪૯૦૦ થી પણ વધુ નોંધો નિકાલ થયા વગરની હોવાની વાતને લઈ જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર ચોંકી ઉઠ્યા છે અને તંત્રને તાબડતોબ આ અંગેની ઝુંબેશ કરવા માટે સૂચવ્યું છે.

સોમવારે મળેલી મહેસુલી અધિકારીઓની બેઠકમાં આ મુદ્દો સૌથી વધુ છવાયેલો રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા કલેકટરશ્રીએ અધિકારીઓને ગતિશીલ ગુજરાત લક્ષ્યાંક-૧૦૦ દિવસની યાદ અપાવી જણાવ્યું હતું કે આ બાબત ગંભીર છે અને ખાસ ઝુંબેશ સાથે કામગીરી કરવા માટે અધિકારીઓને સૂચવ્યું હતું.

આ બેઠકમાં દરેક તાલુકામાં ૧૨૦૦ થી વધુ નોંધો પડતર હોવાનું જણાયું હતું. જો કે સૌથી વધુ નોંધો ગાંધીનગર તાલુકામાં પડતર હોવાનું કહેવાય છે.

મહેસુલી અધિકારીઓની બેઠકમાં નોંધાના નિકાલની સાથે સાથે તુમારોનો જે ભરાવો થયો છે તેને લઈ પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ બેઠકમાં આ માસના અંત સુધીમાં તુમાર નિકાલ થઈ જાય તે જોવા જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચવ્યું હતું.

તેમણે પ્રજાભિમુખ કામગીરીને અગ્રતા આપવાની સાથે સાથે આર.ટી.એસ.ના તેમજ મહેસુલી કેસોનો જે ભરાવો થઈ રહ્યો છે તે અંગે પણ ચિંતાની લાગણી વ્યક્ત કરી કામગીરીમાં ગતિ લાવવા આગ્રહ કર્યો છે.

રેકર્ડ વર્ગીકરણની કામગીરી જ્યારે ફાઈલ પૂર્ણ થાય તેની સાથે જ તે કામગીરી થાય તે પ્રકારની સિસ્ટમ ડેવલપ કરવા જણાવતાં કલેક્ટરશ્રી ૧૫ દિવસમાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી પણ દરેક વિભાગોને પૂર્ણ કરવા જણાવ્યું હતું. જિલ્લામાં રેકર્ડ વર્ગીકરણ અંગે તાજેતરમાં જ અભિયાન સંપન્ન થયું હતું અને ૪૦ હજારથી વધુ ફાઈલોનું વર્ગીકરણ કરાયું હતું. હાલ એક હજારથી પણ વધુ ફાઈલોના વર્ગીકરણની કામગીરી બાકી હોવાનું જાણવા મળેલ છે.



દેશભક્તિ - સ્વાતંત્ર્યદિન અને પ્રજાસત્તાકદિન આવે એટલે દેશવાસીઓમાં દેશભક્તિનો ભાવ જાગે છે... શાળા-કોલેજોમાં ધ્વજવંદનના કાર્યક્રમો પરંપરાગત રીતે યોજાય છે... તો સમાજમાં સ્વૈચ્છિક સંસ્થાઓ પણ નાનામોટા ઉજવણીના કાર્યક્રમો યોજે છે... આ બંને રાષ્ટ્રીય પર્વ પૂર્વે રાષ્ટ્રધ્વજનું વેચાણ વધે છે અને આ દિવસોના માધ્યમથી રાષ્ટ્રધ્વજ પરત્વેનો ભાવ તીવ્ર બને છે... અમદાવાદના બજારમાં રાષ્ટ્રધ્વજ બનાવવાનું અને વેચાણનું મોટું બજાર છે જેને કારણે કુશળ કારીગરોને રોજગારી પણ પ્રાપ્ત થાય છે... બજારમાં વિવિધ સાઈઝના રાષ્ટ્રધ્વજ ખરીદવા રાષ્ટ્રપ્રેમીઓ ભારે ભીડ જોવા મળે છે...

# ૨૦૧૬થી ધોરણ ૬-૧૨માં નવો અભ્યાસક્રમ

## નવો અભ્યાસક્રમ તૈયાર કરવાની તૈયારી શરૂ : જૂન-૨૦૧૬થી નવા અભ્યાસક્રમને લઇને શિક્ષણ બોર્ડ દ્વારા તૈયારી હાથ ધરવામાં આવી : વાલીઓમાં ચર્ચાઓ

અમદાવાદ, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તબક્કાવાર અભ્યાસક્રમ બદલવાની યોજના અમલમાં મુકાઈ છે. જે અંતર્ગત આગામી જૂન-૨૦૧૫ થી ધોરણ-૬ થી ૮નો અભ્યાસક્રમ બદલવામાં આવશે જ્યારે જૂન-૨૦૧૬થી ધોરણ-૯ થી ૧૨નો અભ્યાસક્રમ અમલી બનાવાશે. આ અભ્યાસક્રમને અમલી બનાવવા માટે શિક્ષણ બોર્ડ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ બોર્ડ દ્વારા નવો અભ્યાસક્રમ તબક્કાવાર અમલી બનાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત ચાલુ વર્ષે શિક્ષણ બોર્ડ ધોરણ-૧ થી ૫માં નવો અભ્યાસક્રમ અમલી બનાવ્યો હતો ત્યારે શિક્ષણ બોર્ડની આગામી યોજના મુજબ જૂન-૨૦૧૫ થી ધોરણ-૬ થી ૮માં નવો અભ્યાસક્રમ અમલી બનાવાશે જ્યારે ત્યારબાદ જૂન-૨૦૧૬માં ધોરણ-૯ થી ૧૨માં નવો અભ્યાસક્રમ અમલી બનાવવામાં આવશે. આ નવા શરૂ થનારા અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકોમાં વર્ષ ૨૦૧૬ થી તમામ નવા વર્તમાન પ્રવાહના વિષયોને સાંકળી લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા અમદાવાદ શહેરમાં આ નવા અભ્યાસક્રમની રચના માટે બે દિવસીય વર્કશોપ યોજાયો હતો. જેમાં દેશભરનાં તજજ્ઞો અને વિષયનાં નિષ્ણાંતોના વિવિધ સુચનો લેવામાં આવ્યા હતા.

શિક્ષણ બોર્ડની યોજના અંતર્ગત પાછલા વર્ષોમાં જે પાઠ્યપુસ્તકો બદલવામાં આવ્યા નથી. તેવા તમામ પાઠ્યપુસ્તકોની જગ્યાએ નવા પાઠ્યપુસ્તકો અમલી બનશે. આ અભ્યાસક્રમમાં વર્તમાન પ્રવાહને સાંકળી લેવાનો શિક્ષણ બોર્ડ દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે તેમજ નવા પાઠ્યપુસ્તકોની ક્વોલીટી વર્તમાન પાઠ્યપુસ્તકો કરતા વધુ સારી બનાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે પ્રતિવર્ષ અંદાજે ૧૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ની બોર્ડની બરીક્ષા આપે છે ત્યારે બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહના પાઠ્યપુસ્તકોમાં મોટો ફેરફાર ન કરવાનું સુચન પણ કરાયું હતું જેને પાઠ્યપુસ્તક મંડળ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે.




## NEWS બિટ્સ

**● ટાટાની વિમાનસેવા 'વિસ્તારા' ઓક્ટોબરમાં ઉડાન ભરશે**

દેશના પ્રતિષ્ઠિત ટાટા ગૃપ અને સિંગાપોર ઈન્ટરનેશનલ એરલાઈન્સ દ્વારા ફુલ સર્વિસ વિમાનીસેવા ઓક્ટોબરથી ચાલુ થવાની શક્યતા છે. આ એરલાઈનનું નામ સંસ્કૃત શબ્દ 'વિસ્તારા' રાખવામાં આવ્યું છે. જેનો અર્થ અનંત વિસ્તરણ થાય છે. આ એરલાઈન હવે એર ઓપરેટર્સ પરમીટ (એઓપી) મેળવવાના છેલ્લા તબક્કામાં છે.

**● જાહેરમાં 'ઓડકાર' ખાવો એ હવે ગુન્હો ગણાશે**

કેન્દ્ર સરકારના એક મહત્વના નીતિ વિષયક નિર્ણયમાં જાહેરમાં મોટેથી 'ઓડકાર' ખાવો તેના પર પ્રતિબંધ મુકવા દરખાસ્ત કરાઈ છે. આ ગુન્હા માટે સાત વર્ષની સજા તથા રૂપિયા ૫૦૦૧ અને ૧૦ પૈસાનો દંડ ફટકારવાની જોગવાઈ કરવામાં આવી છે. આ દરખાસ્ત પાછળ સૂત્રોના હવાલેથી જાણવા મળ્યું છે કે, સંસદમાં એક રાજકીય કાર્યકરે જોરથી ઓડકાર ખાધો હતો જેનાથી મંત્રીઓમાં નાસભાગ અને ભયનો માહોલ સર્જાયો હતો.

**● ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિદર જૂનમાં ઘટીને ૩.૪ ટકા થયો**

ઔદ્યોગિક ઉત્પાદન વૃધ્ધિદર એટલે કે આઈઆઈપી જૂન મહિનામાં ઘટીને ૩.૪ ટકા રહ્યો હતો. આ દર મે મહિનામાં ૫ ટકા રહ્યો હતો. આઈઆઈપીની વૃદ્ધિમાં સતત ઘટાડો એ અર્થતંત્રમાં મંદીના સંકેત દર્શાવે છે. એપ્રિલ-જૂન ક્વાર્ટર દરમ્યાન કન્ઝુમર ગુડ્સના ઉત્પાદનમાં ૩.૬ ટકાનું સંકોચન રહ્યું હતું તેમજ જૂન મહિનામાં કન્ઝ્યુમર ડ્યુરબેલ્સમાં ૨૩.૪ ટકાનો ઘટાડો નોંધાયો છે.

**ભાગવતની પાઠશાળા**

આજે આરએસએસના વડા મોહન ભાગવત ભાજપના સાંસદોની પાઠશાળા યોજશે. શહેરી વિકાસ મંત્રી વૈંકેયા નાયડુના ઘર પર સાંજે સાતવાગ્યે ભાજપના તમામ સાંસદોને ઉપસ્થિત રહેવા તાકિદ કરાઈ છે. તમામ સભ્યો સંઘના ગણવેશમાં કાળી ટોપી પહેરી પહોંચશે.

**યશવંતસિંહા આયોજન પંચના ઉપાધ્યક્ષ બનશે**

ભાજપના વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ નાણામંત્રી શ્રી યશવંતસિંહા આયોજન પંચના ઉપાધ્યક્ષ બની રહ્યા છે. જેની વિધિવત જાહેરાત આજકાલમાં થઈ જશે એમ મનાય છે.

**માઉન્ટ આબુ, ઉદયપુરની બધી હોટલ હાઉસફુલ**

સ્વતંત્રતા દિવસ, જન્માષ્ટમી અને પારસી નવાવર્ષના કારણે સતત ચાર રજાઓ આવી રહી છે જેથી અમદાવાદી લોકો પ્રવાસના મૂડમાં આવી ગયા છે. રજા આવતાની સાથે જ પ્રવાસ ઉપર ઉમટી પડવાની બાબત હંમેશા અમદાવાદીઓ માટે મહત્વપૂર્ણ રહી છે. માઉન્ટ આબુ અને ઉદયપુર હંમેશા હોટ ફેવરિટ રહ્યા છે. રજાઓને લઈને અમદાવાદી લોકો યોજનાઓ તૈયાર કરી ચુક્યા છે. પ્રવાસ યોજનાઓ તૈયાર થઈ રહી છે. માઉન્ટ આબૂ અને ઉદયપુરમાં તમામ હોટલ હાઉસફુલ થઈ ગઈ હોવાના અહેવાલ મળી રહ્યા છે. માઉન્ટ આબુ અને ઉદયપુરમાં પહેલાથી જ બુકિંગ થઈ ચુક્યું છે. આ વર્ષે માઉન્ટ આબુમાં ખુબ સારો વરસાદ થયો છે.

**લગ્ન વિષયક**

યુવક CANADA-૧૯૮૯, ઉચ્ચ જ્ઞાતિ આવકાર્ય

મો. : ૯૦૯૯૨૮૯૯૭૭




ગ્રુપ - A (૬ થી ૮ વર્ષ)

ગ્રુપ - B (૯ થી ૧૨ વર્ષ)

**આજે રજિસ્ટ્રેશનનો છેલ્લો દિવસ**

રજિસ્ટ્રેશન ફી : રૂ. 30/-

બંને ગ્રુપમાં ૧, ૨, ૩ ઈનામો, તમામ ભાગ લેનાર સ્પર્ધકને સર્ટિફિકેટ

: સ્પર્ધા તારીખ :

૧૫ ઓગસ્ટ, ૨૦૧૪, સમય : સાંજે ૪ થી ૬

: સ્થળ :

ઈન્ફોસીટી ક્લબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર

રજિસ્ટ્રેશન ફોર્મ મેળવવાનું સ્થળ

● ગાંધીનગર સમાચાર કાર્યાલય ●

● ક્રોસવર્ડ - ઈન્ફોસિટી શોપીંગ ●

● ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર)

સંપર્ક : ૯૯૭૯૮ ૮૯૩૭૭

નોંધ : ડ્રોઈંગ શીટ સંસ્થા દ્વારા આપવામાં આવશે. પેન્સિલ /કલર્સ વગેરે સ્પર્ધકે જાતે લાવવાના રહેશે.